## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



એસ.ડી.આર. મલિક
(૧૯૩૮) મો.૯૬૬૨૭૮૫૮૨૮



કિરીટસિંહ તખુભા રાણા
(૧૯૩૧) ફોન: ૨૩૨૬૧૭૫૨



રોશના દુષ્યંતભાઈ દિવાન
(૧૯૪૦) ફોન: ૨૩૨૨૮૪૫૭

# ગાંધી-વીરપુર ૧૬મી પદયાત્રાનો ૨૨મી નવેમ્બરથી પ્રારંભ થશે

### ૩૧૧ કી.મી. લાંબી પદયાત્રામાં ૧૦૦થી વધુ ભાવિકો જોડાશે

ગાંધીનગર, તા. ૨૭

લોહાણા યુવા સંગઠન દ્વારા ગાંધીનગરથી વીરપુર સુધી ૧૬મી પદયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૨ નવેમ્બરથી શરુ થનારી આ પદયાત્રા અન્વયે યુવા સંગઠનની કમિટીએ જરુરી પૂર્વ તૈયારીઓ આરંભી દીધી છે. ૩૧૧ કી.મી. લાંબી પદયાત્રામાં અંદાજિત ૧૦૦થી વધુ ભાવિકો જોડાશે.

લોહાણા યુવા સંગઠન દ્વારા વીરપુર જલારામ ધામ સુધીની પદયાત્રાને લઈ તૈયારીઓ શરુ કરી દેવાઈ છે. યુવા સંગઠનના મંત્રી વિનોદ ઉદેચાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે પૂ. જલારામ બાપા પ્રત્યે અપાર શ્રધ્ધા-ભકિત ધરાવતા ભાવિકોને અનુલક્ષી સતત ૧૬મી વખત આ પદયાત્રા યોજવામાં આવશે. આ પદયાત્રામાં સામેલ થવા ઈચ્છતા શ્રધ્ધાળુઓએ કમિટીના રાજેશ ઠકકર, વિનોદ ઉદેચા, બિપીન ઠકકર, સંજય ખખ્ખર, જીગ્નેશ મજીઠીયા, ગીરીશ ઠકકરનો સંપર્ક કરવા જણાવાયું છે. પદયાત્રાને અનુલક્ષી હાલ જલારામ બાપાના રથનો શણગાર તેમજ ભાવિકોની ભોજન વ્યવસ્થાને લઈ પૂર્વ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

## ચૂંટણી દરમ્યાન એસએમએસનો દુરુપયોગ અટકાવવા નોડલ ઓફીસર નિમાયા

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના ચૂંટણી કમિશનરના આદેશથી ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમ્યાન એસ.એમ.એસ.નો દુરુપયોગ થતો અટકાવવા માટે ગુજરાત પોલીસના નોડલ ઓફીસર તરીકે સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના પોલીસ મહાનિરીક્ષક મનોજ અગ્રવાલની નિમણુંક કરવામાં આવી છે. ચૂંટણીને પગલે અમલી બનાવાયેલી આચારસંહિતાને સમયગાળા દરમ્યાન રાજકીય પ્રકારના ઓબ્જેક્શનેબલ મેસેજ કે જેનાથી આચારસંહિતાનું ઉલ્લંઘન થતું હોય તેવા એસએમએસ સંદર્ભે તથા તેને મોકલનારની વિગત કોઈપણ નાગરીક પોલીસ વિભાગના મોબાઈલ નંબર ૮૫૧૧૫૦૧૭૦૦, ૯૭૨૩૦૧૬૯૦૦ અને ૯૯૭૮૪ ૦૫૩૯૬ પર કાયદેસરની કાર્યવાહી કરવા માટે ફરીયાદ કરી શકશે.

## રાંધેજા વિદ્યાપીઠમાં સૌરાષ્ટ્રના રાજવીઓની તસવીરોનું પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે સૌરાષ્ટ્રનાં રાજવીઓની દુર્લભ તસવીરો અને લગ્ન કંકોતરીઓનું એક ઐતિહાસિક પ્રદર્શન ૧લી નવેમ્બર-૨૦૧૨ને ગુરુવારે સવારે ૧૧ થી ૫ વાગ્યા દરમિયાન યોજાશે.

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયના ઉપાસના ખંડમાં સૌરાષ્ટ્રનાં રાજવીઓની દુર્લભ તસવીરો અને લગ્ન કંકોતરીઓનું એક ઐતિહાસિક પ્રદર્શન યોજાશે. સમગ્ર કાર્યક્રમ ડૉ. સુભાષ મહિલા કોલેજ જૂનાગઢનો ઈતિહાસ વિભાગનાં અધ્યક્ષ અને જાણીતા ઈતિહાસવિદ ડૉ. પ્રદ્યુમ્ન ખાચર દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો. જેમણે આ દુર્લભ ઐતિહાસિક વારસાનું સંકલન કર્યું હતું. જે જાહેર જનતા અને ઈતિહાસપ્રેમીઓ માટે ખુલ્લુ મુકવામાં આવશે.



(તસવીર : દિપક જાની)

પંજાબ નેશનલ બેંક - બીએસએફ કેમ્પસ, આલમપુર ખાતે અમદાવાદ સર્કલની ૮૩મી શાખાનું ઉદ્ઘાટન શ્રી એ. કે. સિંહાના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં પંજાબ નેશનલ બેંકના ફિલ્ડ જનરલ મેનેજર શ્રી કે. કે. અરવિંદાક્ષન, સર્કલ હેડ શ્રી હિમાંશુ જોષી તથા અધિકારીગણ હાજર રહ્યા હતા.

## લોકસેવા ટ્રસ્ટ દ્વારા સરદાર પટેલ જયંતિ સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

સરદાર પટેલ જયંતિ ઉજવણી સમિતિ દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ મ.દે. વિદ્યાલય હોલ ખાતે તા. ૩૧મી ઓકટોબર-૨૦૧૨ને બુધવારે સવારે ૯.૩૦ કલાકે સરદાર પટેલ જયંતિ સમારંભ યોજવામાં આવશે.

સરદાર પટેલ જયંતિ પર્વ નિમિત્તે યોજાનાર સમારંભમાં અધ્યક્ષ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. સુદર્શન આયંગર, મુખ્ય વકતા તરીકે સ્વામી શ્રી ધર્મબંધુજી ખાસ ઉપસ્થિત રહી મહાન રાષ્ટ્રીય મહાપુરૂષનાં વિચારને ઉજાગર કરશે.

# અંધશ્રદ્ધામાં ડુબી જઈ ત્રણ દિવસ પહેલા દફનાવેલા બાળકના મૃતદેહને બહાર કઢાયો..!!

### કુંવારીકાએ ધુણીને કહ્યું કે સાત વ્યક્તિ જઈને વિધિ કર્યા બાદ મૃતદેહને નવડાવશે તો પુનઃ પ્રાણ પુરાઈ જશે : ગુમાવેલા ૮ વર્ષના દિકરાને પાછો લાવવા સાડા ત્રણ દિવસે મૃતદેહ બહાર કાઢી વિધી પણ કરી

ગાંધીનગર, તા. ૨૭

અંધશ્રદ્ધાના ખપ્પરમાં હોમાઈ ગયાનાં સંખ્યાબંધ કિસ્સાઓ અગાઉ બની ચુકેલા છે તેમ છતાં આજનાં શિક્ષિત યુગમાં પણ અંધશ્રદ્ધા ક્યાંક ને ક્યાંક ડગલે ને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી રહી છે. ગાંધીનગર જિલ્લાનાં જ એક ગામમાં આજે અંધશ્રદ્ધામાં ડુબી જઈને પરિવારજનોએ મૃત્યુ પામેલો પોતાનો ૮ વર્ષનો દિકરો પાછો લાવવા માટે ત્રણ દિવસ અગાઉ દફનાવી દીધા બાદ પણ આજે બહાર કાઢીને તેના પર વિધિ કરી પુનઃ પ્રાણ પુરવાના નિરર્થક પ્રયાસો કર્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કુંવારીકાના શરીરમાં માતાજીએ આવીને સંકેત આપ્યા હોવાથી આ વિધિ નદી કાંઠે જઈ પરીવારના સાત વ્યક્તિઓએ મળીને કરી હતી. અંતે અંધશ્રદ્ધા માત્ર અંધશ્રદ્ધા જ છે. જીવ ગયા બાદ કોઈ પણ સંજોગોમાં પરત ન આવે તે બાબત સ્વિકારી પરીવારજનોએ મૃતદેહ પુનઃ દફનાવી દીધો હતો. ઉલ્લેખનીય છે કે આ ઘટનાને પગલે ગ્રામજનો ઉપરાંત આસપાસના ગામના લોકો પણ દોડી આવ્યા હતા.



ગાંધીનગર જિલ્લાના જ એક ગામની આ વાત છે. ત્રણ દિવસ અગાઉ કોઈ કારણોસર ૮ વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું. મૃતદેહને વિધિ પ્રમાણે દફનાવી દેવામાં આવ્યો હતો. દરમ્યાન ગઈકાલે રાત્રે ઘરે બેસવા આવેલા લોકો પૈકી ગામની જ એક કુંવારીકા અચાનક ધુણવા લાગી...!! 'તમારો દિકરો માતાજી લઈ ગયા છે... સાડા ત્રણ દિવસ પછી પરત ફરશે. શનિવારે બપોરે દફનાવેલા બાળકને બહાર નિકાળજો અને સાત જ વ્યક્તિઓ જઈને વિધિ કરી મૃતદેહ નવડાવવા લઈ જજો.... બાળકમાં પુનઃ પ્રાણ પુરાઈ જશે...' તેમ ધુણતા ધુણતા કહ્યું...! અંધશ્રદ્ધામાં ડુબી ગયેલા પરિવારજનો તથા કુટુંબીજનોને તેમ પણ કહ્યું હતું કે તમારા બાળકના પ્રાણ પુરાઈ જાય ત્યારે મારી પ્રસિદ્ધિ કરાવવાનું ભુલતા નહી. હું અસ્તિત્વમાં છું તેમ પ્રચાર કરજો. જ્યારે દફનાવેલા દિકરાના મૃતદેહને બહાર કાઢવા જશો ત્યારે પરચા સ્વરૂપે ધરા ધ્રુજશે. આ તમામ બાબતો ધુણી રહેલી કુંવારીકાએ માતાજીનું સ્વરૂપ જણાવીને કહ્યુંહતું. અંધશ્રદ્ધાને શ્રદ્ધા સમજીને પરિવારજનોએ આજે તે મુજબ કર્યુ. જણાવ્યા મુજબની તમામ વિધિ કરીને ત્રણ દિવસ પહેલા દફનાવી દીધેલા મૃતક બાળકને નવડાવવા લઈ ગયા. ત્યાર પછી પણ કલાક સુધી રાહ જોઈ પણ પ્રાણ પુરાયો નહીં... અંતે આ અંધશ્રદ્ધા જ હોવાનું માની લઈને પરિવારજનોએ બપોરે ૧ વાગ્યાના અરસામાં મૃતક બાળકને પુનઃ દફનાવી દીધો. આ તમાશો જોવા ટોળેટોળા ઉતરી પડ્યા હતા અને નદી કાંઠે ભીડ જામી ગઈ હતી. જો કે મૃતક બાળક પુનઃ જીવીત ન થતા સૌ માની ગયા કે આ માત્ર ભારોભાર અંધશ્રદ્ધા જ હતી. ઉલ્લેખનીય છે કે હજુ પણ ઘણી જગ્યાઓ પર આવી અંધશ્રદ્ધાને માની લઈને કેટલાય લોકો પોતાની જાતને અને ક્યારેક અન્યને ખુબ જ નુકશાન પહોંચાડે છે.

# શહેરમાં રખડતા ઢોરના ત્રાસથી માર્ગ અકસ્માતનો ખતરો

### મુખ્યમાર્ગો પર પૂરપાટ દોડતા વાહનો માટે અડીંગો જમાવતા ઢોર કયારેક આડશ બને છે!

ગાંધીનગર, તા. ૨૭

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા ઢોરનો ત્રાસ વધતા જાહેર સ્થળો અને માર્ગો પર નાગરિકોની સલામતી જોખમાઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. દાયકાઓ જૂની નગરની આ સમસ્યાના લીધે માર્ગ સવારની સામે પણ પ્રશ્ન મંડરાયો છે. મુખ્ય માર્ગો પર ગતિ નિયંત્રણની વાત વિસરાઈ છે. આવા સંજોગોમાં માર્ગ વચાળે રખડતા ઢોર ગમે ત્યારે જાન લેવા અકસ્માત સર્જે તેવી દહેશત છે.

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા દિનપ્રતિદિન જટીલ બનતી જાય છે. દાયકાઓ જૂની આ સમસ્યા સંદર્ભે હજી સુધી કોઈ નકકર આયોજન ન થતા રોજિંદા જનજીવનમાં આમ નાગરિકો માટે અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. શહેરના મુખ્ય માર્ગો પર પૂરપાટ દોડતી ગાડીઓ વચ્ચે કયારેક આડશ બનતા ઢોરના લીધે ગમે તે ઘડીએ જાન લેવા અકસ્માત સર્જાય તેવી દહેશત છે. માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ ઘણીવાર રખડતા ઢોરનો અડ્ડો જોવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી શહેરના શોપીંગ સેન્ટરો સહિતના જાહેર સ્થળોએ પણ પાર્કીંગ પ્લેસમાં પણ રખડતા ઢોરોનો અડીંગો હોવાથી મહિલાઓ અને સિનિયર સિટિઝન્સને મુશ્કેલી વેઠવી પડે છે. શહેરના માર્ગો પર ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે વાહનો બેફામ ગતિએ દોડતા નજરે પડે છે. આવા સંજોગોમાં માર્ગો અને જાહેર સ્થળોએ રખડતા ઢોર અકસ્માતનું કારણ ન બને તે માટે યોગ્ય પગલા લેવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## શ્રી રાજગોર બ્રાહ્મણ સેવા મંડળ દ્વારા આજે ગરબા

શ્રી રાજગોર બ્રાહ્મણ સેવા-મંડળના પ્રમુખ શ્રીમતી લીનાબેન સી. મહેતા જણાવે છે કે આજે રવિવારના રોજ રાત્રીના ૮.૩૦ કલાકે 'શિલ્પશ્રી' ધોળેશ્વર મહાદેવ રોડના સ્થળે શરદ પૂર્ણિમાની પૂર્વ રાત્રીએ સર્વ જ્ઞાતીજનોને રાસ ગરબાની રમઝટ બોલાવવા તથા દૂધ પૌવા-નાસ્તાની લીજ્જત માણવા હાર્દિક આમંત્રણ આપે છે.

# દેશભરમાંથી આવેલા સંતો ચૂંટણી અનુલક્ષીને ચોક્કસ સંદેશો આપશે

અમદાવાદ, તા. ૨૭

અમદાવાદ જિલ્લાના પિરાણા ખાતે આગામી ૧૭, ૧૮ અને ૧૯ નવેમ્બર દરમ્યાન અખિલ ભારતીય સંત સમિતિનું રાષ્ટ્રીય અધિવેશન મળશે. સંત સમિતિના અધ્યક્ષ અવિચલદાસજીએ આ અંગે એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે સંતો સમાજનું ભલું કરવા માટે જ કોઈ કાર્ય કરતા હોય છે. આ સંમેલન દરમ્યાન સામાન્ય રીતે કોઈ રાજકીય પ્રવૃત્તિ કરવામાં આવશે નહી પરંતુ અમે સમાજના હિત માટે ચોક્કસ સંદેશો આપીશું.

અખિલ ભારતીય સનાતન સતુપંથ સેવા મંડળના ઉપક્રમે સંત સમિતિનું રાષ્ટ્રીય વૈદિક ધર્મ મહાઅધિવેશન યોજાશે. આ અધિવેશનમાં ભાગ લેવા ગુજરાત ઉપરાંત દેશભરમાંથી ૧૫૦૦થી વધારે સંતો-મહંતો ઉપસ્થિત હેશે. જે અંગેની માહિતી આપતા અવિચલદાસજી મહારાજ તથા નાનકદાસજી મહારાજે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતી પર પશ્ચિમી સંસ્કૃતિના થઈ રહેલા આક્રમણને ખાળવા માટે લોકોમાં વ્યસન મુક્તિ, બેટી બચાવ, રાષ્ટ્ર રક્ષા, ગૌરક્ષા જેવા ઉમદા હેતુઓ માટે આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગને અનુલક્ષીને એક માનવ સુસંસ્કાર રેલીનુંપણ આયોજન કરવામાં આવ્યું હતું. જે રેલીમાં ૨૦૦ મોટરસાઈકલ તેમજ ૩૦૦ મોટર કાર જોડાયા હતા. જે રેલી પીરાણાથી નિકળી જેતલપુર, નારોલ ઈસનપુર, રામબાગ, કાંકરીયા, પાલડી ચાર રસ્તા, આશ્રમ રોડ, સ્વસ્તીક ચાર રસ્તા થઈ જીવરાજ પાર્ક થઈ પરત પિરાણા મુકામે આવ્યા હતા. સંમેલન અંગે અવિચલદાસજીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે અમારો કોઈ રાજકીય એજન્ડા નથી. સંતો હંમેશા સમાજના હિતમાં જ કામ કરતા હોય છે. સમાજની રક્ષા, સંસ્કૃતિની રક્ષા માટે જરૂરી તમામ બાબતો પર સંત સંમેલનમાં ચર્ચા થશે. એટલું જ નહી પરંતુ આવી બાબતોમાં અમે જનતાને સંદેશા પણ આપીશું. જો કે અમે કોઈ પક્ષ કે વ્યક્તિને ટાર્ગેટ કરીશું નહીં.

## એલ.સી.બી.એ પાલનપુરના દિલ્હી ગેટમાંથી ૧૨ શકુનીઓ ઝડપ્યા

પાલનપુર, તા. ૨૭

પાલનપુર શહેરના દિલ્હી ગેટ વિસ્તારમાં ગત રોજ એલ.સી.બી. પોલીસે એક રહેણાંક મકાનમાં રેડ કરી ૧૨ ઈસમોને જુગાર રમતા ઝડપી લીધા હતા. પોલીસે રોકડ તથા મોબાઈલ મળી કુલ રૂ. ૬૭,૨૭૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પાલનપુર એલ.સી.બી. પી.આઈ. જી.આર. રબારી તથા પી.એસ. આઈ.વી.કે. ગઢવી સહિતના સ્ટાફે ગતરોજ શહેરના દિલ્હી ગેટ માળીવાસ વિસ્તારમાં આવેલ દિનેશભાઈ કરશનજી ઠાકોરના રહેણાંક મકાનના પ્રથમ માળે આવેલ ઓરડીમાં રેડ પાડી હતી. પોલીસે વસંતજી ધર્માજી ઠાકોર, જીગ્નેશ ભરતભાઈ ઠાકોર, ગોવિંદભાઈ કરશનભાઈ સોલંકી, અજય કાળુભાઈ માજીરાણા, પરસોત્તમભાઈ વીરાભાઈ મકવાણા, પ્રવિણભાઈ લક્ષ્મણભાઈ ઠાકોર, ગંગારામ બાબુભાઈ ઠાકોર, ભુપેન્દ્રભાઈ મુકેશભાઈ પરમાર, ઈમરાન રસુલભાઈ રાઠોડ, રણજીતજી ચંદનજી ઠાકોર, ભુપેન્દ્રભાઈ મુકેશભાઈ પરમાર, ઈમરાન રસુલભાઈ રાઠોડ, વિગેરેની મુદ્દામાલ સહિત ધરપકડ કરી છે.

## ચિક્કાર દારૂ ઢીંચી અકસ્માત સર્જનાર નબીરા જેલ ભેગા


અમદાવાદ, તા.૨૭

શહેરના છેવાડે આવેલા સરખેજ-ગાંધીનગર હાઈવે હવે પર નબીરાઓ મોડી રાત્રે દારૂ પી કાર રેસ લગાવે છે અથવા તો ફક્ત પિશાચી આનંદ માટે પૂરપાટ ઝડપે કાર ધકેલી નિર્દોષ લોકોને ટક્કર મારી તેમની જીંદગી જોખમમાં મુકવાના કિસ્સામાં વધારો થયો છે.ત્યારે બે દિવસ પહેલાં જ ચિક્કાર દારૂ ઢીંચી અકસ્માત સર્જી બે નિર્દોષ લોકોના મોત નિપજાવવાના કેસમાં કોર્ટે બન્ને નબીરાઓને જેલના હવાલે મોકલી આપવાનો આદેશ કર્યો છે. વેજલપુરના જુહાપુરા વિસ્તારમાં રહેતાં અને ફેબ્રિકેશનની દુકાન ધરાવતા યુસુફભાઈ પઠાણ (ઉ.વ.૫૦) અને તેમની પિતરાઈ બહેન શહેનાઝ શેખ (ઉ.વ.૪૨) સફેદ એક્ટિવા પર એસ.જી.હાઈવે પર આવેલા ઈસ્કોન ઓવરબ્રિજ પરથી સરખેજ તરફ પસાર થઈ રહ્યા હતા ત્યારે દેવાર્ક મોલ અને વાઈડ એન્ગલની વચ્ચે પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી સેન્ટ્રો કારના ચાલક ૧૯ વર્ષીય તેજસ દીક્ષિતે (શપથ રેસીડેન્સી) ટક્કર મારતાં એક્ટિવા ચલાવતાં યુસુફભાઈ હવામાં ફંગોળાઈને બ્રિજની નીચે પટકાયા હતા બહેન શહેનાઝ બ્રિજ પર પડ્યા હતા.


વળતર... વળતર વળતર...
ગાંધી જયંતિ અને દિવાળીના તહેવારો નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષમાં ફક્ત એક જ વખત તદ્દન નવી વેરાયટી નવા સ્ટોક સાથે
સ્પે. ઓફર 20% ડિસ્કાઉન્ટ
પડદાના કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૧-૨૦૧૨ સુધી
તેમજ હેન્ડલુમની તદ્દન નવી વેરાઈટીઓ, ટેરી ખાદી, પોલીસ્ટર ખાદી, કોટન ખાદી, ચાદર, ટુવાલ, લુંગી, આશનપટ્ટા, શેતરંજી, ચોરસા, સોફાબેક, ડ્રેસ મટીરીયલ્સ તેમજ હેન્ડલુમની અન્ય વેરાઈટી ઉપર ખાસ 10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ
દુ.નં.૧૬, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન : ૨૩૨ ૨૫૧૧૦
સર્વોદય હેન્ડલુમ
પ્લોટ-૨૧૭, દુ.નં.૧૪, શાકમાર્કેટ પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર ફોન : ૨૩૨૩૦૩૧૦
રવિવારે શો-રૂમ ચાલુ છે



અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી



FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729




SANGHI CEMENT
KisaN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
કામધેનુ સ્ટીલ
ભરોસાપાત્ર ISI T.M.T. સ્ટીલ
અહી સામાન્ય સ્ટીલ વપરાયેલું છે



અહી કામધેનુ સ્ટીલ વપરાયેલું છે



અલ્ટ્રાટેક સિમેન્ટ એંજિનિયરની પસંદગી
સ્ટોકિસ્ટ
કૈલાસ ટ્રેડર્સ
લોદરાવાળા
Steel Tiger
૬૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧, ૯૯૯૮૪ ૭૩૨૦૦